કેમ છો!
તમારુ સ્વાગત છે
વર્કનેટ **DuPage** માં

અમે કોણ છીએ
અમે DuPage કાઉન્ટી, ઇલિનોઇસની વર્કફોર્સ ડેવલપમેન્ટ ઓફિસ છીએ. અમારો મુખ્ય ઉદ્દેશ અમારા સ્થાનિક અર્થતંત્રના ઊંચી માગ ધરાવતાં ક્ષેત્રોમાં રોજગારી માટે જરૂરી સંસાધનો, રોજગારીની શોધ વ્યૂહરચનાઓ અને રોજગારીની કુશળતાઓ સાથે નોકરી શોધનારાઓને જોડવાનો છે. આ હાંસલ કરીને, અમે સ્થાનિક કાર્યબળ અને વ્યાવસાયિક સમુદાયોને મજબૂત કરીએ છીએ અને સાથે સાથે નિવાસીઓને સશક્ત બનાવીએ છીએ - જેમાં અર્થપૂર્ણ કારકિર્દી અને આર્થિક સ્થિરતા માટેની તેમની શોધમાં -યુવાન પુખ્ત વયના લોકો અને રોજગારમાં નોંધપાત્ર અવરોધો ધરાવતા લોકોનો પણ સમાવેશ થાય છે .

અમે કેવી રીતે મદદ કરીએ છીએ
અમે નોકરી શોધનારાઓને વિવિધ રીતે સહાય કરીએ છીએ. અમારી ઘણી સેવાઓ ખુલ્લી છે અને લોકો માટે ઉપલબ્ધ છે, જ્યારે અન્ય માત્ર પાત્ર વ્યક્તિઓ માટે જ ઉપલબ્ધ છે. નોકરી શોધનારાઓ માટે અમે જે પ્રાથમિક સેવાઓ પૂરી પાડીએ છીએ તે નીચે મુજબ છે:

1. નિઃશુલ્ક, ઓપન-ટુ-ધ-પબ્લિક વર્કશોપ, ઇવેન્ટ્સ અને રિસોર્સિસ
   અમે નોકરીની શોધના વિવિધ વિષયો જેવા કે રેઝ્યૂમ રાઇટિંગ, ઇન્ટરવ્યુ, જોબ એપ્લિકેશન ટેકનોલોજી, કામદારોના અધિકારો અને અન્ય બાબતો અંગે માસિક માહિતી સત્રો અને વર્કશોપનું આયોજન કરીએ છીએ. અમે એમ્પ્લોયરની આગેવાની હેઠળની ઇવેન્ટ્સ અને હાયરિંગ સેશન્સનું પણ આયોજન કરીએ છીએ. ઉપલબ્ધ સંસાધનોમાં ઓનલાઇન જોબ્સ બોર્ડ, ઓન-સાઇટ કમ્પ્યુટર અને પ્રિન્ટર એક્સેસ, અને રિઝર્વેબલ, ઓફિસ જેવા હડલ રૂમ્સનો સમાવેશ થાય છે.

2. પાત્રતા ધરાવતા વ્યક્તિઓ માટે સઘન જોબ સર્ચ સેશન્સ અને કારકિર્દી પરામર્શ
   અમે પાત્રતા ધરાવતા વ્યક્તિઓ માટે વન-ઓન-વન કારકિર્દી માર્ગદર્શન સાથે ઊંડાણપૂર્વકની જોબ સર્ચ ઇન્ફર્મેશન સેશન્સ ઓફર કરીએ છીએ.

3. પાત્રતા ધરાવતા વ્યક્તિઓ માટે તાલીમ અને શિક્ષણ માટે ભંડોળ
   જે વ્યક્તિઓમાં ઉચ્ચ ગુણવત્તાની નોકરી માટે જરૂરી કૌશલ્યો, પ્રમાણપત્ર અથવા શિક્ષણનો અભાવ હોય તેઓ આ ક્ષેત્રોમાં રોજગારી મેળવવા માટે ભંડોળ મેળવવા માટે પાત્ર ઠરી શકે છે. અમારી ઓફિસ આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન પાત્રતા ધરાવતા વ્યક્તિઓને સહાય કરે છે, જેમાં મૂલ્યાંકન, રોજગાર અને તાલીમ આયોજન, માસિક પ્રગતિ અહેવાલો અને સફળ રોજગાર પછી નિયમિત ફોલોઅપનો સમાવેશ થાય છે. પાત્રતા ધરાવતા વ્યક્તિઓને માન્ય તાલીમ કાર્યક્રમોના ખર્ચને પહોંચી વળવા માટે $10,000 સુધીની મંજૂરી મળી શકે છે.

આગળનાં પગલાંઓ

1. જો તમને અમારી ફ્રી, ઓપન-ટુ-ધ-પબ્લિક વર્કશોપ અથવા ઇવેન્ટમાં ભાગ લેવામાં રસ હોય, તો કૃપા કરીને અમારી આગામી ઇવેન્ટ વિશે વધુ જાણવા માટે www.worknetdupage.org પર અમારી વેબસાઇટની મુલાકાત લો. દુભાષિયા ની સેવાઓ ઉપલબ્ધ છે.

2. જો તમને પાત્રતા ધરાવતા વ્યક્તિઓ માટે ભંડોળ પૂરું પાડવામાં આવતી સેવાઓ વિશે વધુ જાણવામાં રસ હોય, જેમ કે વન-ઓન-વન કારકિર્દી સેવાઓ અથવા અનુદાનિત તાલીમ, તો કૃપા કરીને અમારી વેબસાઇટ: દ્વારા આ ફોર્મ ભરો

કૃપા કરીને નોંધ લેશો કે જ્યારે અમે ઘણી જુદી જુદી પૃષ્ઠભૂમિના ઘણા જુદા જુદા લોકોની જરૂરિયાતો પૂર્ણ કરીએ છીએ, ત્યારે લાયકાતના માપદંડો ચોક્કસ સેવાઓ માટે લાગુ પડે છે, જેમાં તાલીમ માટેના ભંડોળનો પણ સમાવેશ થાય છે. વર્કનેટ DuPageને મુખ્યત્વે WIOA, વર્કફોર્સ ઇનોવેશન એન્ડ ઓપોર્ચ્યુનિટી એક્ટ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. સેવાઓ સામાન્ય રીતે DuPage કાઉન્ટીના નિવાસીઓ પૂરતી મર્યાદિત હોય છે.

તમે અમારી સેવાઓ માટે યોગ્યતા મેળવી શકો છો જો તમે::

1. યુ.એસ.એ.માં કામ કરવા માટે અધિકૃત હોવ , અને

2. બેરોજગાર હોવ અથવા ઓછી રોજગારી ધરાવતા હોવ
   - બેરોજગારી વીમો મેળવતા હોવ (અથવા તાજેતરમાં મેળવેલ હોય ) અથવા
   - SNAP, TANF, શરણાર્થી સહાયતા, વગેરે જેવી જાહેર સહાય મેળવતા હોવ (અથવા તાજેતરમાં પ્રાપ્ત થઇ હોય).

એકવાર તમે એપ્લિકેશન ભરો, પછી અમે આગામી પગલાંની ચર્ચા કરવા માટે તમારો સંપર્ક કરીશું. દુભાષિયા સેવાઓ ઉપલબ્ધ થશે.

**અમારો સંપર્ક ક્યાં કરવો**:

workNet DuPage
2525 Cabot Drive
Lisle, IL 60532
630.955.2030
www.worknetdupage.org

**વધારાના જોબ સીકર રિસોર્સિસ (સ્કિલ અપ DuPage)**

અમારી ઓફિસ DuPage કાઉન્ટીમાં આવેલ રોબસ્ટ એમ્પ્લોયમેન્ટ /જોબ સીકર સપોર્ટ નેટવર્કનો એક ભાગ છે. નિવાસીઓને તેમની વ્યક્તિગત જરૂરિયાતો માટે શ્રેષ્ઠ સેવાઓનો ઉપયોગ કરવામાં મદદરૂપ થવા માટે, અમે આ નેટવર્કને એક અનુકૂળ સંગ્રહની અંદર પ્રદર્શિત કરવા માટે, સ્કિલ અપ DuPage નામના એક જ સ્ત્રોતની રચના કરી છે.

DuPage કાઉન્ટીની અંદર સ્કિલ અપ રિસોર્સિસના સ્થાનો જોવા માટે અમારા જોબ સીકર રિસોર્સિસ ગૂગલ મેપ સાથે લિંક કરોઃ

ભાષાંતર દસ્તાવેજ: v6 051524